॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥

# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**



વર્ષ : ૧૬ અંક : ૧૮૪ તા.૧૫-૦૫-૨૦૨૫ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક

તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH


## ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) સંલગ્ન ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ધો-૧૦ તથા ધો-૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ તથા વિવિધ વિદ્યાશાખાઓના ઓછામાં ઓછા ચાર વર્ષ પૂર્ણ કરેલ ગ્રેજ્યુએટસ્ કોર્સ તથા પોસ્ટ ગ્રેજ્યુએટસ્ કોર્સ તથા રાજ્ય કે રાષ્ટ્રીય રમત ગમતમાં મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોનું સન્માન કરવામાં આવનાર છે. આગામી કાર્યક્રમ અમદાવાદ ખાતે નીચેના સરનામે યોજાનાર છે. તો વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તેમની માર્કશીટ ટ્રસ્ટ દ્વારા જે ગુગલ લીંક પ્રસિદ્ધ કરવામાં આવશે અથવા QR કોડ પર જ તા. ૩૧-૦૮-૨૦૨૫ સુધી મોકલવાની રહેશે. ગુગલ લીંક તથા QR કોડ અંદરના પેઈજ ઉપર જ આપેલ છે, જેના ઉપર જ માર્કશીટ અપલોડ કરવી. સમાજની ઓફીસ પર માર્કશીટ મોકલવાની રહેશે નહી.

### કાર્યક્રમની વિગત

તા. ૧૪-૦૯-૨૦૨૫ ને રવિવાર સવારે ૯-૦૦ કલાકે

### કાર્યક્રમનું સ્થળ

જે.બી. ઓડીટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન,
આઈ.આઈ.એમ. રોડ,
પાંજરા પોળ ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ.

# ગુજરાતી કંસારા જ્ઞાાતિ પંચ, સુરત

- નૈમિષભાઈ એચ. કંસારા - પ્રમુખ, ગુજરાતી કંસારા જ્ઞાતિ પંચ, સુરત




ગુજરાતી કંસારા જ્ઞાતિ પંચ, સુરત દ્વારા આયોજીત શૈક્ષણીક વર્ષ ૨૦૨૩-૨૪ નો ઈનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું તા. ૧૨-૦૧-૨૦૨૫ ને રવિવારના રોજ આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમના પ્રમુખ તરીકે શ્રી સુહાસભાઈ મહેન્દ્રભાઈ પારેખનું સ્વાગત-સન્માન કરી ગણેશ વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સમાજના શૈક્ષણીક વર્ષ ૨૦૨૩-૨૪ ના ધોરણ ૧ થી ૧૨ ના તથા કોલેજના અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને ઈનામ / રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત સમાજના સ્નાતક થયેલ વિદ્યાર્થી / વિદ્યાર્થનીઓ,

(૧) શ્રુતી અમિતભાઈ વાસણાવાળા Cyber Sercurity and Threat Management.

(૨) પ્રાર્થના કંસારા MBA (Marketing Management)

(૩) મીલોની સંદિપભાઈ કંસારા MBA (Marketing Management)

(૪) કવિતા અરવિંદભાઈ કંસારા Master of Law.

(૫) પ્રણામી હર્ષદભાઈ કંસારા Master of Physiotherapy.

(૬) વિનીત હિરેનકુમાર મોદી Master of Architecture (Urban Design)

ઈનામ-સન્માન પત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. વિશેષમાં

(૧) અનુજભાઈ કૌશિકભાઈ ચાંદીવાળા Civil Engineering - Ph.D. તથા

(૨) માનસીબેન પુનીતભાઈ કંસારા Education - Ph.D કર્યું હતું.

જેઓએ વિશિષ્ટ ડિગ્રી મેળવી હતી, તેઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું તથા

- અનિષભાઈ હસમુખભાઈ ખ્યાલી - ભારત સરકાર દ્વારા નોટરી તરીકેની નિમણુંક થવા બદલ પુષ્પગુચ્છ આપી સન્માનીત કરવામાં આવ્યાહ તા.

આ કાર્યક્રમના આયોજનમાં ગુજરાતી કંસારા જ્ઞાતિ, સુરતનો આખો સમાજ એક મંચ પર એકત્ર થઈ તમામ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા તથા સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળવા ઉપસ્થિત રહ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં જ્ઞાતિના ૫ વર્ષના બાળકોથી લઈ ૭૫ વર્ષ સુધીની મહિલાઓ મળી કુલ ૧૧૦ જેટલા કલાકારોએ ભાગ લઈ ઉત્સાહભેર પોતાની કૃતિઓ રજુ કરી હતી. અંતમાં સૌએ સાથે અલ્પાહાર લઈ સમારંભનો આનંદ લીધો હતો.



# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,



: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
''બી'' બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

આપ સર્વે ક્ષેમકુશળ હશો તેવી હું આશા રાખું છું.

વિશેષમાં ચાલુ મહિના દરમિયાન ધોરણ ૧૦ એટલે કે ન્યુ એસ.એસ.સી. પરીક્ષા બોર્ડ તેમજ ધોરણ ૧૨ એટલે હાયર સેકન્ડરી પરીક્ષા બોર્ડની જી.એસ.ઈ.બી. અને સી.બી.એસ.ઈ. ની પરીક્ષાઓના પરિણામ જાહેર થયેલ છે. આ પરીક્ષાઓમાં જ્ઞાતિના જે વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓએ ખૂબ જ સારા માર્કસ સાથે સફળતા મેળવી છે તે તમામ વિદ્યાર્થી - વિદ્યાર્થીઓને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું અને તેઓની હવે પછીની કારકિર્દીનો લક્ષ્યાંક નક્કી કરી અને પોતાની જીવનની કારકિર્દીનો ચોક્કસ માર્ગ નક્કી કરી અને તેમાં સફળતા મળે અને તેઓનું જીવન અને કારકિર્દી માં સફળતા પ્રાપ્ત કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

જે વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓ સફળતા મેળવી નથી તેઓને પણ દિલસોજી પાઠવું છું અને ગુજરાતીમાં એક કહેવત છે કે :-

**"કરતા જાળ કરોળિયો ભોંય પડી પછડાય, વણ તૂટેલે તાતણે ઉપર ચડવા જાય, મહેનત તેણે શરૂ કરી ઉપર ચડવા કાજ, હિંમત રાખી ભિડ્યો છઠ્ઠી વાર ધીરજથી જાળે જઈ પહોંચ્યો તે નિર્ધાર."**

એ કહેવત પર આધારિત લક્ષ્ય રાખી અને ભલે સફળતા નહી મળી પરંતુ અનંત સફળતા પ્રાપ્ત કરવાના ધ્યેયમાં કરોળિયાની જેમ હંમેશ પ્રયત્ન શીલ રહી ધ્યેય પ્રાપ્તિ માટે હંમેશા પ્રયત્નશીલ રહી અને પોતાનો ધ્યેય પ્રાપ્ત કરી સફળ કારકિર્દી માટે સફળતા પ્રાપ્ત આપ સૌ સફળતા પ્રાપ્ત કરો તેવી શુભેચ્છા પાઠવું છું અને આશા રાખું છું.

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની ભગિની સંસ્થા શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સને ૨૦૨૪- ૨૦૨૫ ના શૈક્ષણિક વર્ષ માં ધોરણ ૧૦, ધોરણ -૧૨ અને સ્નાતક અને અનુસ્નાતક તેમજ તેથી ઉચ્ચ અભ્યાસક્રમની પરીક્ષાઓમાં ઝળહળતી સફળતા મેળવનાર જ્ઞાતિના તેજસ્વી તારલાઓને સન્માનિત કરવા માટેનું કાર્યક્રમ તારીખ ૧૪-૦૯-૨૦૨૫ના રોજ અમદાવાદ મુકામે રાખવામાં આવેલ છે. તો આ કાર્યક્રમ માટે જ્ઞાતિના વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને તેઓની માર્કશીટની અન્ય માહિતી સંસ્થા દ્વારા આપવામાં આવેલ ગુગલ લીંક અથવા QR કોડ મારફતજ અપલોડ કરવા હાર્દિક અપીલ કરુ છું. સમાજની ઓફિસ પર માર્કશીટની નકલ મોકલવાની રહેશે નહી.

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) ના આજીવન સભ્યોની યાદી અદ્યતન (Up - Date) કરવાની કાર્યવાહી અત્યારે ગતિમાં જ હોય તો હજુ પણ જે જિલ્લાઓ અથવા તો ગામો તરફથી આ યાદી અપડેટ કરીનેના મોકલી હોય તો મેળા સર મોકલી અને સહકાર આપવા વિનંતી છે

સર્વે જ્ઞાતિ જનોને, મારા જય શ્રી કૃષ્ણ - જય માતાજી - જય શ્રી ગોપાલ - જય સ્વામિનારાયણ- જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના દરેક આજીવન સભ્યોને આશરે છેલ્લા ૨૫ વર્ષથી સમાજનું મુખપત્ર ''ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ'' (કંસારા ટાઈમ્સ) અવિરત પણે વિના મુલ્યે પ્રસિદ્ધ કરીને પોસ્ટના માધ્યમથી મોકલવામાં આવે છે. કંસારા ટાઈમ્સ સમાજના મુળભુત હેતુ - ''એકતા-સમરસ્તા'' માટે ખૂબ જ ઉપયોગી નિવડેલ છે. કંસારા ટાઈમ્સના માધ્મયથી સમાજની તથા ભગીની સંસ્થાઓની પ્રવૃત્તિ, સમાજના દરેક ગોળ ઘટકની સ્થાનિક સંસ્થાની પ્રવૃત્તિ, ધંધાકિય જાહેરાતો, લગ્ન-વિષયક, શ્રધ્ધાંજલિ, શુભેચ્છા, વિદેશગમન વિ. માહિતી સમાજના સંગઠન અને વિકાસ માટે વધુ અનિવાર્ય છે. જેથી કંસારા ટાઈમ્સની બહોળી પ્રસિદ્ધિ અને કંસારા ટાઈમ્સને હજુ પણ અદ્યતન આવૃત્તિ તરીકે પ્રસિદ્ધ કરવી જરૂરી છે. જેથી તેની આર્થિક પરિસ્થિતિ વધુ મજબુત અને સધ્ધર બનાવવાની તાન જરૂરીયાત છે. તે ઉપરાંત છેલ્લા કેટલા સમયથી પ્રિન્ટીંગ કાગળમાં ભાવ વધારો, છાપકામમાં ભારે વધારો. વિ. કારણોથી પણ, કંસારા ટાઈમ્સને વધુ આર્થિક રીતે સધ્ધર બનાવવું આપણે સૌ આજીવન સભ્યોની નૈતિક જવાબદારી છે.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં લઈને છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન, સમાજના અગાઉના પ્રમુખશ્રીઓએ પણ પોતાનું યોગદાન ''કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ''માં આપેલ, જે પૈકી :

**(૧) શ્રી બટુકભાઈ વૃજલાલ કંસારા - અમદાવાદ - રૂા. ૫૧,૦૦૦/-**

**(૨) શ્રી વસંતભાઈ શાંતિલાલ કંસારા, - વડોદરા - રૂા. ૫૧,૦૦૦/-**

કંસારા ટાઈમ્સને આર્થિક સધ્ધર કરવા બાબતે અગાઉની કારોબારી મીટીંગમાં પણ ચર્ચા થયેલ છે અને સમાજના આજીવન સભ્યોને દરેક મહિનાના અંકમાં અનુદાન-શુભેચ્છા ભેટ માટે નમ્ર નિવેદન આપવામાં આવે છે.

સમાજના કારોબારી સભ્યોની ગત તા. ૧૬-૩-૨૦૨૫ ના રોજ મળેલ મીટીંગમાં કંસારા ટાઈમ્સને આર્થિક સ્થિતિ વધુ મજબુત કરવા માટે ઠરાવ કરવામાં આવેલ છે. જે ઠરાવ મુજબ સમાજના દરેક આજીવન સભ્ય દીઠ લઘુતમ રૂા. ૧૦૦૦/- (રૂપિયા એક હજાર પુરા) અને વધુમાં તેમની ઈચ્છાનુસાર ''કંસારા ટઈમ્સ વિકાસ ફંડ'' ખાતે યોગદાન માટે અપીલ કરાવેલ અને એકત્રીત કરવા. આજ કારોબારી મીટીગમાં હાજર રહેલ ટ્રસ્ટીશ્રીઓ/હોદ્દેદારો/કારોબારી સભ્યશ્રીઓ સંમતી દર્શાવી, પોતાની ઈચ્છાનુસાર યોગદાન જાહેર કરેલ, જેની યાદી નીચે મુજબ છે.

રૂા. ૧૦૦૦/- શ્રી ચંદ્રકાંત કે. કંસારા - નડીયાદ
રૂા. ૧૦૦૦/- શ્રી મેહુલ એન. ખાખી - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી મનીષ બી. કંસારા - અમદાવાદ
રૂા. ૧૫૦૦/- શ્રી બટુકભાઈ વી. કંસારા - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી હરેશભાઈ એસ. કંસારા - મહેસાણા
રૂા. ૧૦૦૦/- શ્રી માર્કંડભાઈ હ. કંસારા - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી કંસારા જશુમતીબેન ચીમનલાલ - મહેસાણા
રૂા. ૧૦૦૦/- શ્રી ખોખરા પ્રેમલતાબેન પ્રફુલભાઈ - જોરાવરનગર
રૂા. ૧૦૦૦/- શ્રી દંગી હર્ષાબેન વસંતભાઈ
રૂા. ૧૦૦૦/- શ્રી પલ્લવીબેન ચંદુલાલ કંસારા - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી ઉષાબેન બી. ચોગાનવાલા - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી હેમાલીબેન એ. પંચીગર - સુરત
રૂા. ૧૦૦૦/- શ્રી ભરતભાઈ સી. શેઠ - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી સુરેશભાઈ નંદલાલ કંસારા - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી હસમુખભાઈ એલ. ખાખી - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી વિજયભાઈ ઈશ્વરલાલ કંસારા - ગાંધીનગર
રૂા. ૧૦૦૦/- શ્રી મનોજભાઈ સત્યેનદ્ર શેઠ - ગોધરા
રૂા. ૨૦૦૦/- શ્રી રાકેશભાઈ જે. કરથીયા - મોરબી
રૂા. ૧૦૦૦/- શ્રી રમેશભાઈ નટવરલાલ શેઠ - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી ડૉ. હર્ષદભાઈ સી. ગોરડીયા - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી અનંતરાય જી. શેઠ - અમદાવાદ

આજ રીતે સમાજના દરેક આજીવન સભ્યોને કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ ખાતે લઘુતમ રૂા. ૧૦૦૦/- અને વધુમાં ઈચ્છાનુસાર યોગદાન આપવા માટે નમ્ર અપીલ કરવામાં આવે છે. જે સમાજના નીચે આપેલ બેંક ખાતામાં જમા કરાવીને ખજાનચીને જાણ કરવા વિનંતી. આપ સૌ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના બેંક ખાતામાં સ્વયં તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડીને સહયોગ આપશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વી.
પ્રમુખ - મંત્રી - ખજાનચી

**બેંક ખાતાની વિગત**

**નામ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**

| | |
|---|---|
| એકાઉન્ટ નંબર : | ૧૦૫૪૨૯૦૫૫૦૦ |
| બેંક : | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એસ.પી.પી.બી.બી. બ્રાંચ, અમદાવાદ<br>IFS Code : SBIN0060129 |
| અગત્યની નોંધ : | ખાતામાં પૈસા ભરાવનાર કે ટ્રાન્સફર કરનાર અચુક મોબાઈલ નંબર : ૯૩૭૪૬૪૫૬૬૯ ઉપર સમાજના ખજાનચી શ્રી મનીષભાઈ બી. કંસારાને વોટસઅપ પર જાણ કરવા વિનંતી. |

# સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ - અમદાવાદ
# ટ્રસ્ટી બહેનોની સંપર્ક યાત્રા



સમસ્ત કંસારા સમાજના સંગઠનના કાર્યકર તરીકે વલસાડના રહેવાસી મુકતાબેન કંસારા (વિસનગર)ના પ્રયત્નોથી સાત ગામની બહેનોનો અમને પરિચય મળ્યો. જેથી કાર્ય સફળ બન્યું.

વલસાડ મહિલા મંડળના પ્રમુખ તેમજ સાત ગામના ટ્રસ્ટી શ્રીમતી રેખાબેન કંસારા સાથે મહિલા મંડળના કાર્યોની અને સાત ગામના

સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટનો મૂળ હેતુ બહેનોના સંગઠનને મજબૂત બનાવીને સમાજ જાગૃતીકરણ કરવાનો છે. ટ્રસ્ટી બહેનોએ ૨૦૧૧ થી શરૂ કરી આજ સુધી ૨૦૨૫ સુધીમાં ૨૫ જેટલાં જુદા જુદા ગામના મહિલા મંડળ / સખી મંડળ સાથે સંપર્ક સાધી ને સમાજની બહેનોને સમયની સાથે તાલ મેળવ્યા જાગૃત કરી તેમજ પ્રયત્નો કર્યા છે.

હાલમાં તા. ૨૪-૪-૨૦૨૫ ના રોજ સાંજના ૫ થી ૭ કલાકે વલસાડ મુકામે મહિલા મંડળ સાથે વિચારોની આપ લે કરી. જેમાં ૨૫ જેટલી બહેનોનો સંપર્ક કર્યો. ચૈત્ર વદ-૧૧ (અગિયારસ) મહાપ્રભુજી (વલ્લભાચાર્ય)ના પ્રાગટ્ય દિવસે વલસાડ મુકામે કાલિકા માતાના મંદિરમાં ભજન મંડલની બહેનોની મુલાકાત લીધી. યમુનાષ્ટકના ગાનની શરૂઆતથી મંગળ પ્રારંભ કર્યો જેમાં શ્રી વલ્લભાચાર્ય (મહાપ્રભુજી) વિશેષની ટૂંકી માહિતી રજૂ કરી શુભ શરૂઆત કરી.

વલસાડ મહિલા મંડળની બહેનોનો અને ટ્રસ્ટી બહેનોનો એક બીજા સાથે પરિચય મેળવ્યો.

જ્ઞાતિજનો વિશેની ચર્ચા કરવામાં આવી. જેમાં તેમણે જણાવ્યું કે સમાજનું સંગઠન મજૂબત બનાવી રહ્યા છીએ પરંતુ સમાજની વ્યક્તિઓનું આદાન-પ્રદાન કરી શકતા નથી. જો રીત-રિવાજની દૃષ્ટિએ સમજ શક્તિ વધે તો સમાજનું સંગઠન મજબૂત બનાવી શકાય.

મહિલા મંડળની બહેનો એકત્રીત થઈને વિવિધ કાર્યક્મરો કરે છે.

જેમ કે ભજન-ગીતોનો કાર્યક્રમ - પ્રવાસ કાર્યક્રમ - વિવિધ ક્ષેત્રે ઈનામ વિતરણના કાર્યક્રમો - સમાજ દ્વારા આર્થિક મદદ.

વલસાડની ૨૫ થી ૩૦ બહેનોએ કાર્યક્રમમાં ભાગ લીધો. કેટલીક બહેનોએ પોતાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી. જેમ કે ટ્યુશન કરવા, નાસ્તા બનાવ્યા, ભજન-કીર્તન કરવા.

કુળદેવી કાલિકા માતાના મંદિરમાં બહેનોએ ભજન મંડળના વિવિધ સાધનો સાથે તાલ-મેલમાં બેઠા ગરબા ગાઈને કાર્યક્રમ પૂરો કર્યો. લગભગ સાંજના સાત વાગે નાસ્તો કરીને આનંદ સાથે છૂટા પડ્યા.





શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૯૮૦૩૬૬૩૩૬



**તા. ૨૫-૪-૨૦૨૫ શુક્રવારના રોજ કિલ્લા પારડી મુકામે કાલિકા માતાના મંદિરમાં ૨૦ જેટલી બહેનોના ભજન મંડળની મુલાકાત લીધી.**

સૌ પ્રથમ ગમેશ વંદનાનું સમૂહમાં ગાન કર્યું. મંડળની બહેનોએ ટ્રસ્ટી બહેનોનું સ્વાગત કર્યું.

ભજન મંડળની બહેનો અને ટ્રસ્ટી બહેનોનો એક બીજા સાથે પરિચય મેળવ્યો. પ્રમુખ શ્રી હીનાબેન કંસારા પરદેશ ગયા હોવાથી ઉપપ્રમુખ શ્રી મયુરીબેન કાર્યભાર સંભાળ્યો હતો. આ મંડળની કેટલીક બહેનો કાલિકા માતા મંદિરની વિવિધ મૂર્તિઓના વસ્ત્રો, ઘરેણાં, ફૂલની માળાઓ બનાવીને મૂર્તિઓને શણગારવાની સેવા પૂરી પાડે છે. જુદા જુદા નાસ્તા બનાવીને તેનું વેચાણ પણ કરે છે. નવસારીના મહિલા ગૃહઉદ્યોગ સાથે પણ સંકળાયેલ છે. સાત ગામનો સમાજ સામાજિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા એકબીજાથી જોડાયેલો છે. અંતમાં ભજન મંડળની બહેનો અને ટ્રસ્ટીઓ એકબીજાનો આભાર માની નાસ્તો અને આઈસ્ક્રીમની લહેજત માણી બધા છૂટા પડ્યા. કાલિકા માતાના મંદિરમાં સેવા આપતા ભાઈઓનો પિરચય મેળવ્યો.

---



**વલસાડ અને કિલ્લા પારડીના બહેનોના મંડળમાં ટ્રસ્ટી બહેનોનું યોગદાન**

પ્રમુખશ્રી ઉર્મિલાબેને ટ્રસ્ટની સ્થાપનાનો પરિચય આપ્યો. બંધારણની ટૂંકમાં માહિતી આપી. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનના જુદા જુદા ૨૫ જેટલા સ્થળોની બહેનોના મંડળોનો પરિચય કરાવ્યો. જેમાં બહેનોની વિવિધલક્ષી પ્રવૃત્તિઓની માહિતી જણાવી. જેથી બહેનો પોતાની આવડત અને સમયનો સદ્‌ઉપયોગ કરીને અર્થોપાર્જન કરી શકે. ટ્રસ્ટ સમયની અનુકુળતા મુજબ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. જેમ કે સામાન્ય સભા, એવોર્ડ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, બહેનોના ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા/વેચાણ માટે સ્ટોલનું આયોજન વગેરે પ્રવૃત્તિઓને મહત્વ આપવું.

ખજાનચી તરીકે સેવા આપી રહેલ પલ્લવીબેને વિશિષ્ટતા ભર્યું ઉદ્‌બોધન કર્યું. જેમાં તેમણે સમસ્ત કંસાર સમાજના વિવિધ ગોળ-ઘટકોની માહિતી આપી. કંસારા ટાઈમ્સના પ્રચાર-પ્રસારની હાલની પરિસ્થિતીથી વાકેફ કર્યા. ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દર વર્ષે ઈનામ વિતરણના કાર્યક્રમો કરે છે. જેની વિશેષતા જણાવી. કલ્યાણી ટ્રસ્ટ દ્વારા કંસારા સમાજની બહેનોને વિવિધ ક્ષેત્રે વિકાસ કરીને સમાજને મજબૂત બનાવવાના પ્રયત્ન કરે.

ટ્રસ્ટી શ્રી પ્રેમલત્તાબેને બહેનોના સંગઠનને મજબૂત બનાવવાની વિવિધલક્ષી માહિતી આપી. નાના પાયાના ગ્હહ ઉદ્યોગો માટે સરકારશ્રી તરફથી મળતી યોજનાઓનો પરિચય

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી
સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

આપ્યો. સખી મંડળની સ્થાપના કરીને સરકાર તરફથી નાણાંકીય સહાય મેળવવાનું વ્યવહાર માટે બેકીંગની સુવિધાનું વિવિધલક્ષી માર્ગદર્શન પુરુ પાડ્યું.

ટ્રસ્ટી શ્રી કિંજલબેને સાત ગામના ગોળ ઘટકની બહેનોને રાખડી બનાવવાની પેન્સીલ ઉદ્યોગને લગતું માર્ગદર્શન પુરુ પાડ્યું. તેઓ વાપીના હોવાથી વધુ સંપર્કમાં રહેશે તેવી માહિતી પૂરી પાડી.




ટ્રસ્ટી શ્રી હેમાલીબેને નડિયાદ અને સુરતના ગોળ-ઘટકની બહેનો અને કુટુંબ વિશે માહિતી આપી. જુદા જુદા રીત-રિવાજોને મહત્વ ના આપતા એક બીજાને અનુકૂળ બનાવવાના પ્રયત્નો કરીએ તો સમાજ સચવાય જ છે. સંગઠન વિશાળ અને મજબૂત બને છે.

વલસાડ અને કિલ્લા પારડીના બહેનો માટે આભાર વિધી કરી. નવરાત્રી તેમજ સમાજના વિવિધ કાર્યક્રમોમાં મળતા રહીએ તેવી આશા વ્યક્ત કરી.

"મહાકાલી માતા કી જય"

"ભારત માતા કી જય"

"સૌને સાથ સૌનો વિકાસ"

# ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ આયોજીત વિદ્યાર્થી સન્માન સમારંભ-૨૦૨૫

ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, સમગ્ર ગુજરાતના કંસારા સમાજના પરિવારના દિકરા-દિકરીઓ જેઓએ વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી હોય તેઓને સન્માનિત કરે છે. આ માટે નીચે જણાવેલ શ્રેણીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાના ગુણ પત્રક સમસ્ત કંસારા સમાજના અમદાવાદ ખાતેના કાર્યાલયમાં પહોંચી જાય તે રીતે મોકલવાના રહેશે. આ કાર્યક્રમ ફક્ત ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષમાં ઉતીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે યોજાયેલ છે.

(૧) ધો-૧૦ અને ધો-૧૨ (બંને પ્રવાહ)માં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓનું સન્માન (ગુણપત્રકમાં ૯૦% ઉપર જેઓએ માર્કસ મેળવ્યા હશે તેઓનું સન્માન થશે.) (આ માટે પ્રસન્ટાઈલ ગણત્રી લેવામાં આવશે નહી.)

(૨) ધો-૧૨ પછી ઓછામાં ઓછા ચાર (૪) વર્ષનો ડીગ્રી અભ્યાસક્રમ તથા તમામ પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમમાં સફળતા મેળવી હોય તેઓનું સન્માન કરવામાં આવશે.

(૩) રાજ્ય કક્ષાએ અથવા તેથી ઉપર વિશિષ્ટ પ્રમાણપત્રથી સન્માનીત થયેલ વિદ્યાર્થીઓનું સન્માન (રમત-ગમત અથવા અન્ય વિશિષ્ટ કૌશલ્ય માટે. આ માટે વર્ષ મર્યાદા ૧૬ વર્ષ પૂર્ણ કરેલ હોવા જરૂરી છે. તથા અગાઉ સન્માનીત થયેલ વિદ્યાર્થીઓ રાષ્ટ્ર કક્ષાએ કૌશલ્ય પ્રમાણપત્ર મેળવેલ હશે તોજ ધ્યાને લેવાશે).

આ સંસ્થાને આપવામાં આવતું દાન ઈન્કમટેક્ષ ૮૦(જી) કર રાહતને પાત્ર છે.

આ કાર્યક્રમ ૧૪ સપ્ટેમ્બર-૨૦૨૫ રવિવારના રોજ સવારે ૯ કલાકે અમદાવાદ ખાતે યોજાવવાનો છે.

**માર્કશીટ અપલોડ કરવા માટે ગુગલ લીંક તથા QR કોડ નીચે મુજબ છે જેના ઉપર જ માર્કશીટ અપલોડ કરવા વિનંતી. સમાજની ઓફીસ પર માર્કશીટ મોકલવાની રહેશે નહી.**

https://forms.gle/twc7TVMwDn9aYMwd7

# જીવન સંધ્યાનો દીપ

- કમલેશ કંસારા (અમદાવાદ)

તબીબી વિજ્ઞાને પારાવાર ખર્ચ કરીને અનેક સંશોધનો કરી પહેલાં કરતા વધુ સ્વાસ્થ્ય આપ્યું. સગવડના વધુ સાધનો વિજ્ઞાને માનવને ઉપલબ્ધ કર્યા. એના પરિણામે માનવ આયુ લંબાતા વિશ્વભરમાં વૃધ્ધોની વસ્તીનો વિસ્ફોટ થઈ ગયો છે. આ એક વૈશ્વિક સમસ્યા બની છે. વૃદ્ધો માટે, સમાજ અને રાષ્ટ્ર માટે !

અત્યાર સુધી વૃદ્ધ સ્ત્રી કે પુરુષનું ચિત્ર કેવું દોરાતું આવ્યું છે ? ધોળા વાળવાળો નિષ્ક્રિય બેકાર માણસ. એની બુદ્ધિ ઓછી અને કામકાજ માટે નકામો, વૃદ્ધનું કામ અને વ્યવસાય ? દેવદર્શન, પૂજાપાઠ, કથા સાંભળવાની, જ્યારે ત્યારે પરિયાદ કરવાની. તનનો તરવરાટ અને સ્ફૂર્તિ, મનનો જુસ્સો અને ઉત્સાહ અને વણદીઠા આભમાં પાંખો ફફડાવવાની ઉત્સુકતા, એક સ્વપ્ન, આશા, ઉમંગો તો યોવનની સાથે નષ્ટ થયા. હવે મોત આવે ત્યાં સુધી બીમારી ખમવાની, પરિવારના અપમાન અને અવજ્ઞા ઝેલવાની ! સાવ નકામા- રહી ગયેલ સામાન જેવા, ઘરમાં અને સમાજમાં બધા કહેશે..... હવે બહુ થયું. ઘરડા થયા... ક્યા સુધી હવે ?

વૃદ્ધત્વ એક એવો ખ્યાલ છે કે એને લીધે માણસ માણસ મટી જાય છે. અને મનુષ્ય મૃત્યુના દરવાજે ઉભો રહી જાય છે. આ ખ્યાલ સદંતર ખોટો છે. ઘણા વૃદ્ધો નથી મરી શકતા કે નથી જીવી શકતા. વિજ્ઞાને આપેલ આ દીર્ઘાયુને Gift of Years કહી શકાય. તેને અભિશાપ માનવાને બદલે આપણે એને આશીર્વાદ બનાવીએ.

વૃદ્ધાવસ્થાને પણ સુખમય અને આનંદમય બનાવી શકાય છે. God Gift તરીકે મળેલા વર્ષોને સુવર્ણમય અને સાર્થક બનાવવું શક્ય છે. માત્ર વ્યક્તિએ અને સમાજે એ માટે પોતાનો અભિગમ બદલવાની જરૂર છે.

વૃદ્ધાવસ્થા તો મૃત્યુ તરફ-નવજીવન તરફ લઈ જતી કુદરતી ક્રિયા અને અવસ્થા છે. જુઓ તો ખરાં, આપણે પ્રતિદિન મૃત્યુ તરફ એવી રીતે સરકતા જઈએ છીએ કે એની આપણને જાણ સુદ્ધા પણ નથી થતી ! આ દેવનો મોટો ચમત્કાર જ કહેવાય !

---

**ડૉ. ઉપેન્દ્ર કલાઈગર (M.S.) (સુરત)**
**મો. : ૮૯૮૦૩ ૬૬૩૩૬**

### "ઉનાળુ વેકેશનનો સદ્‌ઉપયોગ કરવો

આ ઉનાળુ વેકેશમાં વિદ્યાર્થીઓ,
તમે વિદ્યાની અર્થી ના કાઢશો.
તમો સમયનો સદ્‌ઉપયોગ કરીને
રોજ વાંચન કરજો, ફરવા જજો,
રોજ રમવા જજો, રખડવા જજો,
રોજ નવું શિખજો, શોક કેળવશો.
રમતા, તરતા, ચલાવતા, ભળતા શિખજો.
મળેલ મોબાઈલના અતિશય ઉપયોગથી
કિંમતી સમયની કતલ ના કરજો.
વિતાવેલ સમય કદી પાછો ના વળશે.
તમારી આંખો થાકી જશે, સુકી પડશે.
આંખો નબળી થાશે - નંબર વધશે.
નિંદર બગડશે, ડિપ્રેશન આવશે
તેના અદશ્ય ઈલેક્ટ્રો મેગ્નેટીક કિરણો
બહેરાશ લાવશે, કેન્સર કરશે
પ્રેમ, લાગણી, આનંદ મજા જાશે.
હવે મને લાગે છે એ પાક્કું
દુ:ખના દિવસો બહુ દુર નથી !
તમો મારા વ્હાલા વેકેશનમાં
જરૂર સમયનો સદ્‌ઉપયોગ કરજો
સદા સમયનો સદ્‌ઉપયોગ જ કરજો.

## શુભેચ્છા ભેટ

રૂા. ૧,૦૦૧/- માવાણી માલતીબેન નવનીતરાય - હ. દિપકભાઈ નવનીતભાઈ માવાણી - વડોદરા
રૂા. ૧૦૩/- ગોરખિયા વિજયભાઈ ભોગીલાલ - જાફરાબાદ

## નવા આજીવન સભ્યોની યાદી

૧ ગોરખીયા વિજયભાઈ ભોગીલાલ - જાફરાબાદ

## કંસારા ટાઈમ્સની વિકાસ ફંડની યાદી

રૂા. ૧૦૦૦/- શ્રી માવાણી હરેશભાઈ કાંતિલાલ - રાજકોટ
રૂા. ૧૦૦૦/- શ્રી ગોરખીયા વિજયભાઈ ભોગીલાલ - જાફરાબાદ
રૂા. ૧૦૦૦/- શ્રી કંસારા હિતેન્દ્રભાઈ વસંતાલાલ - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી કંસારા મિહિર પ્રવિણભાઈ - અમદાવાદ

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# મુખવટો

- પ્રફુલ કંસારા (સુરત)

માણસને ગમતી વાત હોય ત્યાં બાંધછોડ કરીને પોતે સાચુ જ કરે છે એવો દેખાડો કરે અને ન ગમતી વાતો માટે શાસ્ત્રો અને પુરાણોનાં સમજ્યા વગરનો ખુલાસો રજુ કરે અને પોતાના મતને સાથે ઠેરવવા પ્રયત્ન કરે તેને કહેવાય મુખવટો.

લગ્નમાં હસ્ત મેળાપનું મુહુર્ત ન સચવાય તો એવું કરીને સંતોષ માને કે આપણે શરૂઆત કરી દીધી એટલે મુહુર્ત સચવાઈ ગયું.

આપણા કોઈ વીધિ કરાવનાર બ્રાહ્મણે હજી સુધી એવું, કહ્યું નથી કે, ''મુહુર્ત ન સચવાણુ હોય તો મને બોલાવો નહીં'' કારણ દક્ષિણાથી ખરીદાઈ ગયો હોય છે.

લગ્નો આજે આમ પણ કોઈ સાચાં થતાં જ નથી. કારણ લગ્નમાં જે શ્લોકો વર-વધુએ બોલવાના હોય છે તે લગ્ન કરાવનાર સાચા જ બોલતા હોય છે (બોલતા હોય તો). તેથી મોટા ભાગના લગ્નો મહારાજ જોડે થાય છે અને કોઈ બ્રાહ્મણ એનો ખુલાસો કરતો નથી. કારણ - દક્ષિણા.

મરણ પ્રસંગમાં - ''અને તો બધી વિધિ એક જ વખતે પતાવી દઈએ''. અથવા ૧૨ મું ૧૩ મું સાથે જ કરી દે. વરસી જે વરસ પછી જ કરવાની હોય તે ૧૫-૧૬ દિવસ પછી કરીને બધા છુટા. કેમ ? સગવડીયું. પણ ભગવાનની સેવા-પૂજા ૧૬ દિવસ સુધી નહિ કરવાની. કેમ કે તે બહુધા ગમતી વસ્તુ નથી.

મોટે ભાગે ડર થી જ ભગવાનને માનતા હોય છે. પ્રેમથી નહિ. ફલાણુ-ઢીંકણું નહિ કરીશું તો અગવડ આવી જશે આવો પાપનો છૂપો ડર ન સમજતા માણસને હોય છે. તેથી ભગવાન પાસે જાય છે, અને કોઈ માંગણી માટે ભગવાન પાસે જાય. કૃતજ્ઞ ભાવથી, પ્રેમથી ભગવા પાસે જવા વાળા કેટલાં ? અરે ! એક પછી એક સેકંડ પણ તમે ભગવાનથી અલિપ્ત રહી શકતાં નથી તો પછી આવો મુખવટો પહેરવાની શી જરૂર છે ? દંભ એ આપણો માનસિક રોગ છે અને તેની આપણને ખબર પણ નથી. આપણા ઋષિ મુનિઓને માણસની નબળાઈઓની બરાબર ખબર હતી. તેથી ઋષિએ એમ જણાવ્યું કે, માણસ હર્ષોલ્લાસ ના સમયે કે દુઃખના અતિક્રમણથી માનસિક રીતે સ્વસ્થ રહી શકતો નથી. તેથી ભગવાનની ભક્તિમાં, તેનું મન ચોંટતુ નથી વિચલીત રહે છે, તેથી આવા પ્રસંગોમાં વ્યક્તિ બે-ત્રણ દિવસ સુધી ભગવાન પાસે ન બેસે, સેવા-પૂજા ન કરે તો ચાલે, કારણ મન વિચલીત હોય તો ભગવાનમાં મન બેસે નહી. આ એક લોજીક થયું અને તે મગજમાં બેસે તેવું છે. તેને નામ આપ્યું 'સૂતક' માણસ કોઈ પણ વાત ધર્મનું બંધન હોય તો સ્વિકારે તેથી તેને ધાર્મિકતા સાથે જોડી દીધું.

પણ માણસને મુખવટો પહેરવામાં ખૂબ જ મજા પડે. પોતાનો ઈગો સંતોષાય. તેથી આ બધી ધાર્મિક માન્યતાઓ આમ જ ચાલ્યા કરે.

---

**ડૉ. ઉપેન્દ્ર કલાઈગર (M.S.) (સુરત)**
**મો. : ૮૯૮૦૩ ૬૬૩૩૬**

## ''ધોમધખતો ઉનાળો''

ફાગણથી જેઠનો ગાળો એટલે ઉન્હાળો,
સુરજદાદા અગન ગોળો ઉઠાળે,
તગતગતો તડકો આગ ઓકે,
એપ્રિલ-મે-જૂન કેમ કાઢશું ?
ભુજ-કચ્છની ગરમી સુરતે આંબી,
ગરમીને, મગજનો પારો આસમાને આંબે,
ન બહાર, કે બહારગામ જવાય.
સગવડવાળા કાશ્મીરમાં ફરશે.
હવે તો તડકો દુર્વાસા સમ લાગે.
અગવડવાળા ઘરમાં રહી કચકચ કરશે.
ભરઉનાળે તરસ બહુ લાગે,
પીઓ પાણી, શરબત, લસ્સી-છાસ,
કોયલ કરે આંબા ડાળે મીઠો તહુકો,
કેસુડો, ગરમાળો, ગુલમહોર, આંબો ફાલે,
મળે તડબુચ, ટેટી, રાયણ, કેરી
બરફના ગોળા, કુલ્ફી આઈસ્ક્રીમ, ગન્ના રસ
રાત્રે ખાવાની મજા બહુ લેવી.
આપણે કરી વૃક્ષો, વનરાજીની કટાઈ,
પ્રકૃતિનો ન્યાય બધાને સરખો,
જેવું કરો અહીં તેવું પામો
આપણું કરેલ ભોગવ્યે જ છુટકો.
નદી-નાળાં, તળાવ, કુવાના જળ સુકાય,
દિવસો જાતા પડશે પાણીની અછત
પશુ-પક્ષી, પ્રાણી-માનવી તરશે મરશે
જાણો ''જળથી જ જીવન છે'' એ સાચું,
માટે પાણી-વાણી-સમયને સાચવો
હવે તમે બહુ કરી ઓ સુરજદાદા !
તમે જરા ધીમા તપો, શાંતા કરો.
હવે સુરજદાદા તમો ઠંડા પડો !
સુરજદાદા ખમ્મા કરો, ખમ્મા કરો !

**NIF Mechanical Works Pvt. Ltd.**

WINDWELL

**SHAILESH KANSARA**

Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com



અતુલભાઈ
૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ
૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ
૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

## કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.



Making Things Happen
Reliable Solar

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર

**સોલાર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**

- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**

- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ



40% સુધી ફાયદો

અહીં તમારી વિગત ભરો⬇

હમણાં જ સંપર્ક કરો:

+91 9327168907/ 6355519196

કંસારા જયમીન ભાસ્કરભાઇ ફાજલીયા

રીલાએબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ

Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net
SB-11, Gajanand Complex, Opposite Tube Company,
Old Padara Road, Vadodara-390020



Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

NT

# Navneet Traders
# નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# સમસ્ત કંસારા જ્ઞાતી સમાજ ને એક નિવેદન

- કંસારા કિરીટભાઈ કેશવલાલ ખાખી (બોપલ, અમદાવાદ)

સર્વે જ્ઞાતી જનોને કંસારા કિરીટભાઈ કેશવલાલ ના જય શ્રી ગોપાલ જય શ્રી કૃષ્ણ જય શ્રી સ્વામિનારાયણ.

આપણી જ્ઞાતી માં અલગ અલગ વિસ્તારમાં ગામમાં શહેરોમાં તથા અલગ અલગ રાજ્યમાં રહેતા કંસારા ની પહેચાન અલગ અલગ ગોળ ઘટકથી છે પણ આપણે સૌ કંસારા કુળના જ છીએ અને છીએ જ.

દરેકે જ્ઞાતીજનોએ પોતાના નામની આગળ હંમેશા કંસારા લખી પોતાનું નામ અને પિતાનુ નામ લખવું પાછળ પોતાની અટક લખવી જોઈએ જેથી કંસારા સમાજ જ્ઞાતી દરેક તાલુકા લેવલે જીલ્લા લેવલે અને રાજ્ય લેવલ માં ગણત્રી થાય કે આ પણ એક સમાજ છે.

દરેક ગામોમાં શહેરોમાં આપણા કંસારા જ્ઞાતીના સભ્યો એકત્રીત થઈને મંડળો અને સંસ્થાની રચના કરે છે જે મંડળો અને સંસ્થાઓ સ્વયંમ સંચાલિત ચાલતી નથી જેની અંદર જ્ઞાતીના દરેક કુટુંબોનો આર્થિક હિસ્સો હોય છે ત્યારે જ મંડળો અને સંસ્થા દરેક જ્ઞાતીજનોની એકતા, ધાર્મીક, સામાજીક કાર્યોના આયોજનો કરી શકે છે.

આવી જ એક સંસ્થા જે ભારત દેશના સમસ્ત કંસારા જ્ઞાતીને એકત્રીકરણ કરી એક મંચ ઉપર સાથે બેસવા માટે આપણા ગુજરાતમાં સમસ્ત કંસારા સમાજની સંસ્થા કાર્યરત છે જે સંસ્થા દ્વારા ગુજરાતમાં દરેક જગ્યાએ જ્ઞાતીના થતા કાર્યક્રમોની ઝાંખી કરાવતું એક કંસારા ટાઈમ્સ દર માસે પ્રકાશીત થાય છે જેની અંદર હાલની પરિસ્થિતિમાં આ જીવન સભ્યોની સંખ્યા આપણા જ્ઞાતીના કુટુંબોમાંથી ૩૦ ટકા જ છે તે માટે સર્વે જ્ઞાતીજનો એ પોતાના અંતર આત્માથી જાગૃત થઈને સમસ્ત કંસારા સમાજની સંસ્થામાં આજીવન સભ્ય પદ ગ્રહણ કરી અને પોતાના આત્માના અવાજ મુજબ અનુદાન કરવું જોઈએ એવી મારી સર્વ જ્ઞાતીજનોને અપીલ કરૂ છું.

આપણા કુટુંબમાંથી સંસ્થાઓને અને મંડળોને મોટુ અનુદાન આપણે એક સાથે નથી આપી શકતા ત્યારે મોટા અનુદાન કરવા માટે દરેક કુટુંબોએ પોતાની આવક મુજબ રોજના ૫ રૂા. થી ૫૦ રૂા. અલગથી કાઢીશું તો એક વર્ષ દરમ્યાન ભેગી થતી રકમ માંથી નવા વર્ષની ભેટ રૂપે આપણે સૌ પ્રથમ પોતાના ગામની જ્ઞાતીની સંસ્થા ત્યાર બાદ જ્ઞાતીની અલગ અલગ સંસ્થાઓ જેવી કે સમુહ લગ્ન ટ્રષ્ટ વિદ્યોતેજક સંસ્થા સમસ્ત મહીલા કલ્યાણી ટ્રષ્ટ સમસ્ત કંસારા સમાજમાં નવા વર્ષની ભેટ સ્વરૂપે અનુદાન કરવું એવો આપણે સર્વે જ્ઞાતીજનો સંકલ્પ કરીએ અને જ્ઞાતીની સંસ્થાને ઉજ્જવળ બનાવીએ.

બીજુ પોતાના કુટુંબમાં મનાવાતા જન્મ દિવસ લગ્નની તીથીઓ દિકરા દિકરીના વેવીશાળ સગાઈ લગ્ન પ્રસંગ જેવા તથા કુટુંબના સભ્યોના અવસાન પ્રસંગે તથા કુટુંબના સભ્યની અવસાન તીથીએ જેમ મંદિરોમાં હવેલીમાં પાંજરાપોળમાં ભેટ ધરતા હોઈએ છીએ તે ભેટોથી જ મંદિરો અને હવેલીઓ અને પાંજરાપોળના વ્યવહારો ચાલતા હોય છે તેવી રીતે આપણે આવા સર્વ પ્રસંગે આપણા સમાજની દરેક સંસ્થાને પણ પોતાની આર્થીક સદ્ધરતા મુજબ અનુદાન કરીશું જેના માટે પણ આજથી જ આપણે સર્વ જ્ઞાતીજનો એક સંકલ્પ કરીએ અને આપણી જ્ઞાતીની દરેક સંસ્થાઓ ને મદદરૂપ બનીએ.

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ    પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧



॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656


**Gravity Instruments** Private Limited
Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**



*Best Quality Gift For All Occassions*
We are also the menu. of wall clocks& wall clock hands



# PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia Mo.94262 21810
Depak J. Karathia Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577
www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in



**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187
**Mishal P.Meghani**
820-0524436






# Mayur Engineering
**Manufactur**

**Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish**

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

E-mail : mayurengineering179@gmail.com

## MATRIMONIAL



Name : Chittaliya Kinjal
Gender : Femal
Date of Birth : 06-04-1995
Birth Place : Wadhwan
Time of Birth : 7:19 PM
Rashi : Mithuna (Gemini)
Height : 5 feet 4 inches (163 cm)
Religion : Hindu
Mother Tongue : Gujarati
Caste : Kansara
Manglik : No
Complexion : Fair
Highest Edu. : BE (EC)

**FAMILY DETAILS**

Father's Name : Chittaliya Mukeshbhai Ramniklal
Father's Occ. : Business
Mother's Name : Chittaliya Parulben Mukeshbhai
Total Sisters : 2
Married Sister ; dangi Jalpa Hiteshbhai
Mosal : Kagada Jyantilal Tribhovandas

**CONTACT DETAILS**

Contact : Chittaliya Hareshbhai : 8734099800
Chittaliya Mukeshbhai : 9909904276
Address : Ramdevpir Delo, Opp. Nataliya Balmandir, Dajipara, Wadhwan-363030

## MATRIMONIAL



Name : Dholakiya Kishan
Age : 29
Date of Birth : 11-08-1995
Birth Time : 10-34 PM
Birth Place : Palanpur
Height : 5'.8"
Manglik : No
Caste : Kansara/Vaishnav
Marital Status : unmarried
Education Deta. : B.Com.
Companys Name : Pandav Steel
Income : 20000

**FAMILY DETAILS**

Father's Name : Dholakiya Hiteshbhai
Father's Occ. : Metal Merchant • M. : +91 9428293150
Mother's Name : Dholakiya Pallaviben
Mother's Occ. : Housewife • M. : +91 9408485073
Siblings : 1 Brother

**CONTACT DETAILS**

Address : Kamdara Pa, Masjid Chowk, Wadhvan, Surendranagar
Phone : 8469998974
E-mail : kishandholakiya12@gmail.com

## MATRIMONIAL



Name : Brijesh Anilkumar Chhatrala
Date of Birth : 22-08-1992
Time of Birth : 17:55
Birth Place : Jamnagar
Height : 5'.11"
Education : B.Com (Eng. Med.)
Occupation : Deputy Manager in RBL Bank

**FAMILY DETAILS**

Father Name : Anilkumar Babulal Chhatrala
Mother Name : Rekhaben Anilkumar Chhatrala
Sisters : (1) Pooja Kansara (Married)
(2) Darshna Kansara (Married)
Mosal : Virji Trikamji (Jamnagar)

**CONTACT DETAILS**

Contact : +91 7819994165
Address : 501, Shriji Greens, Vraj-1, P-111, Nr. Kudrat Bungalow, Lalpur Road, Jamanagar-361005.



## પરિવારનું ગૌરવ

**ચિ. સ્વાતિ રવેન્દ્ર કંસારાએ**

B.Tech Electrical Engineering ડીગ્રી 8.9 Distinction સાથે Torrent Power માં Placement મેળવેલ છે. તે બદલ અમારો પરિવાર ગૌરવ અનુભવે છે.

સ્વાતિ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને જીવનમાં સફળતા પ્રાપ્ત કરે તેવા શુભાશિષ સાથે શુભેચ્છા પાઠવીએ છીએ.

**શુભેચ્છક**

રતિલાલ મંગળદાસ કંસારા (દાદા)
મધુબેન રતિલાલ કંસારા (દાદી)
પંકજ રતિલાલ કંસારા (મોટા પપ્પા)
નીશા પંકજ કંસારા (મોટી મમ્મી)
રવિન્ત્ર રતિલાલ કંસારા (પપ્પા)
આરતી રવિન્દ્ર કંસારા (મમ્મી)
કિંજલ પંકજકુમાર કંસારા (બહેન)
હાર્દિ પંકજ કંસારા (બહેન)
ડીસા, જી. બનાસકાંઠા • M. : 9426829167

# MATRIMONIAL



Name : Harsh Dipakbhai Mavani
Date of Birth : 10-09-1996
Birth of Birth : 07:03 PM
Birth Place : Botad
Height : 5'.5"
Hobby : Traveling, Music, Reading
Qualification : B.Com Sardar Patel University Anand
Occupation : Own Business
Darshit Metals : Utensils Merchant

**FAMILY DETAILS**

Father's Name : Dipakbhai Haribhai Mavani
Mother's Name : Bhavnaben Dipakbhai Mavani
Brother's Name : Darshit Dipakbhai Mavani
Mosal : Ratilal Thakarshi Kansara - Dakor

**CONTACT DETAILS**

Address : Kansara Street, Main Bazar,
Barwala-(Ghelasha),
Ta. Barwala, Dist. Botad
Contact : +91 7016336627,
+91 9408874655
E-mail : harshkansara78@gmail.com

# MATRIMONIAL



Name : Akshay Dangi
Date of Birth : 21/01/1994
Birth of Birth : 11:35 AM
Birth Place : Surendranagar
Height : 5'.5"
Weight : 65 KG
Education : B.E. (Bio Medical Engineer)
Job : Service (Robotic Surgery Field) Ahmedabad/Mumbai
Income : 12 lac (Annual)
Father Name : Chandrakant Motilal Dangi
Proession : Retired Govt. Officer (As a Dy. Collector)
Income : 10 lac (Annual)
Mother Name : Veenaben Dangi
Sister : Komal Dangi (Younger)
MBA Serving as Assi. Manager HR (A'bad)
Income 9 lac (Annual)
Mosal : Ramanlal Karshandas Delawala
At : Halwad, Dist. Morbi.
Resi. : B-802, Swapneel Elysium,
Opp. SOBO Center, South Bopal,
Ahmedabad.
Contact : 72280 83803 (Fahter)
87338 12014 (Mother)

# MATRIMONIAL



Name : Shrenik J. Lalani
Birth Date : 23-10-1996
Height : 5'.8"
Weight : 64 KG
Hobby : Trekking & Hiking, Travelling, Reading, Automotive Enthusiast, Yoga and Exercising, Garba
Languages : Gujarati, Hindi, English, German
Education : M.Sc. in Commerical Vehicle Technology (RPTU, Kaiserslautern)
Job : Development Engineer (Evomotiv GmbH, Ingolstadt, Germany)
Salary : 53,40,000 (60,000 Annually)
Current Address : Eichenwaldstrasse 15, Ingolstadt. 85049 (Germany)

**FAMILY DETAILS**

Father's Name : Jayeshbhai Vinodrai Lalani (B.Com)
Father's Occ. : Branch Manager at PNB (Retired)
Mother's Name : Paragniniben Jayeshbhai Lalani (M.Com, B.Ed.)
Mother's Occ. : Housewife
Address : C-401, Shree Hari Arjun Apartment, Under Chankyapuri Overbridge, Nr. Shivnagar Society-380061.
Siblings : Kavisha Jayeshbhai Lalani (HR Executive, Company atQor) Dr. Hetvee Jayeshbhai Lalani (Pursuing MPT Cardiology)
Maternal : K. M. Mavani, Rajkot
Contact : +91 9824546097, +49-15735808312

# MATRIMONIAL



Name : Sakshi Kasera
Date of Birth : 04/08/1999
Birth of Birth : 11:05 AM
Birth Place : Kushi
Mangalik : Yes
Height : 5'.1"
Complextion : Fair
Gotra : Buddha
Qualification : B.B.A. (Finance), M.B.A. (Finance & HR)
Job : Private Job

**FAMILY DETAILS**

Father's Name : Mr. Parasram jii Kasera
Occupation : Utensils Business
Mother's Name : Mrs. Uma Kasera
Occupation : House Wife
Brother : Aayush Kasera (Unmarried)
Sister : Mrs. Apeksha Rajat jii Kansara
Deesa, Guj. - 385535 M. : 8200748008
Mama : Shri Shyam Sunder jii Kasera
Shri Tilok jii Kasera
Gotra : Mothsara (Place - Ratlam, M.P.)

**CONTACT DETAILS**

Contact : 9424818031, 9893018031
Resi. Address : Shri Parasram ji Nandkishor ji Kasera House No. 005, Mahatma Gandhi Marge Ward No. 11, Kukshi (Dist-Dhar), M.P.-454331.



# ખોખરા પરિવારનું ગૌરવ

**દીપ હિતેશભાઈ ખોખરા** - જ્ઞાતિ એક બાજુથી અનેક પરિવારોને જોડે છે અને બીજી બાજુ રાષ્ટ્રના ઘડતરમાં પણ મહત્વનો ફાળો આપે છે આ જ્ઞાતિ જ્યારે પોતાના નાનામાં નાના એકમ એટલે કે વ્યક્તિને પુરસ્કાર કરે છે વધાવે છે ત્યારે અન્યને પણ પ્રેરણા આપવાનો અને ઉત્સાહ વધારવાનું કાર્ય કરે છે. જ્ઞાતિના આ પ્રોત્સાહનથી આગળ વધેલા ખોખરા પરિવારના તેજસ્વી તારલાએ ઘર પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધારી દેશના વિકાસ તરફ પગલાં ભર્યા છે આજે એની વાત કરવી છે.

ખોખરા પરિવારના દીપ હિતેશભાઈ ખોખરા એ પોતાની તેજસ્વી શૈક્ષણિક પ્રતિભાના જોડે અમદાવાદની સુપ્રસિદ્ધ નિરમાં યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવીને ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન સ્ટ્રીમમાં VLSI માં વિશેષતા સાથે માસ્ટરની ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી ડિસ્ટીંગશનમાં ૮૮% સાથે ફર્સ્ટ ક્લાસ પ્રાપ્ત કરી અને વિશ્વની પ્રખ્યાત પ્રોસેસરની કંપની ઇન્ટેલમાં બેંગલોર સ્થગિત ઓફિસે PDK એન્જીનર તરીકે કાયમી કાર્યરત છે અને ઘર પરિવાર અને કંસારા જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

જાન્યુઆરી મહિનામાં નિરમા યુનિવર્સિટીના વિશાળ કેમ્પસમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમુદાય સમક્ષ કાર્યક્રમના મુખ્ય અતિથિ અને એક્ઝિક્યુટિવની હાજરીમાં શ્રી સંજીવકુમાર બોહોરાના હસ્તે ચિ. દીપ હિતેશભાઈ ખોખરાને ગોલ્ડ મેડલથી નવાજવામાં આવ્યો ત્યારે સ્નેહીજનો અને ગુરુજનોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યો હતો.

ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને કંસારા ત્રિભોવનદાસ ખુશાલદાસ રાજકોટ પરિવારના દીપ હિતેશભાઈ ખોખરા, દાદા મંગળદાસ ખોખરા દાદી રમાબેન માતા નયનાબેન પિતા હિતેશભાઈ કાકા શૈલેષભાઈ તથા કાકી સોનલબેન તથા ખોખરા પરિવારનું ગૌરવ વધાર્યું છે. ગૌરવની આ ક્ષણે ખોખરા પરિવાર જ્ઞાતિજનોનો પણ એટલો જ આભાર માને છે જ્ઞાતિએ ડગલેને પગલે જે ઉત્સાહમાં વધારો કર્યો છે અને પ્રોત્સાહન આપ્યું છે એ માટે ખોખરા પરિવાર આનંદ અને આભારની લાગણી અનુભવે છે.

જય શ્રી ગોપાલ

મો. દીપ ખોખરા ૭૦૧૬૫ ૮૪૬૯૯ ● મો. હિતેષ ખોખરા ૯૨૨૮૧ ૯૩૫૮૭

# MATRIMONIAL



| | | |
|---|---|---|
| Name | : | **Khokhara Deep Hiteshbhai** |
| Date of Birth | : | 26 June 2000 |
| Birth Place | : | Rajkot, Gujarat |
| Rashi | : | Meena (Pisces) |
| Complexion | : | Medium |
| Height | : | 5 feet 10 inches |
| Religion/Caste | : | Kansara - Hindi |
| Job/Occup. | : | Engineer - Intel India Pvt. Ltd. |
| Education | : | M.Tech - Nirma University |
| Salary | : | 15.5 Lakh (Annually) |
| Location | : | Banglore, India |

**FAMILY DETAILS**

| | | |
|---|---|---|
| Family | : | Kansara Thribhovandas Khushaldas |
| Father Name | : | Khokhara Hiteshbhai |
| Father Occ. | : | Private Job - LIC |
| Mother Name | : | Khokhara Naynaben |
| Brother | : | Khokhara Ayush<br>Khokhara Rutveek |
| Address. | : | "Yamuna Kunj" in Bedinaka Tower, Nr. Radha Sakhi 2 Apartment, Rajkot, Gujarat. |
| Contact | : | 9228193587 |

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

Kansara Modler Limited
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

KANSARA

World Class Rollers For The Whole World

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

**દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.**

**આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષો દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સત્તત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો**

**આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.**

**લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના : ૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦